# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા.19/04/2014

અરૂણ જેટલી

(વિપક્ષી નેતા, રાજ્યસભા)

**વડાપ્રધાનના ભાષણો ?**

વડાપ્રધાન કચેરી દ્વારા તાજેતરમાં બે પુસ્તકો પ્રકાશિત કરવામાં આવ્યા છે. તે પુસ્તકમાં છેલ્લા 10 વર્ષોમાં વડાપ્રધાને આપેલા 1200 ભાષણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડા પ્રધાન કચેરી એવું માને છે કે વડાપ્રધાન ડો મનમોહન સિંઘ એક "બોલકા" વડાપ્રધાન ન હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તેની સામે આ પુસ્તક જડબાતોડ જવાબ છે.

વડાપ્રધાન દેશના મહત્ત્વના રાજકીય વડા છે . તેઓ ભારતીય લોકશાહીનો ચહેરો છે. તેમના થકી નીતિઓને આકાર અપાય છે. તેઓ દેશને નેતૃત્વ પૂરું પાડે છે. જનતાના પ્રશ્નો હલ કરે છે. વડાપ્રધાન નીચો હોદ્દો નથી. તેમણે જનતાનો વિશ્વાસ મેળવવો જ જોઈએ. તેમણે શાસક ગઠબંધનના ટોચના નેતાઓનો વિશ્વાસ મેળવવો જ જોઈએ. તેમણે બંને નૈતિક અને રાજકીય બંને બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ.

વડાપ્રધાન બોલકા હોવા જ જોઈએ. તેમણે ધ્યાનપૂર્વક બધાનું સાંભળવું જોઈએ. તેમણે એક નેતા તરીકે ભાષણ આપવું જોઈએ માત્ર વાચક તરીકે નહિ. અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ ભારતની મુલાકાત વખતે સંસદના સેન્ટ્રલ હોલમાં મહત્વપૂર્ણ ભાષણ આપ્યું હતું. તેમના માનમાં યોજાયેલા ભોજન સમારંભ દરમિયાન મને તેમનું ભાષણ તૈયાર કરનાર સાથે કાર્ય કરવાની તક મળી હતી. તેમનું ભાષણ નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવ્યું અને તેને અધિકારીઓના એક જૂથ દ્વારા અને છેવટે પ્રમુખ દ્વારા તપાસવામાં આવ્યું હતું. આ ભાષણને તેમણે ટેલિપ્રોમ્પ્ટર વડે વાંચી સંભળાવ્યું હતું. ટેલિપ્રોમ્પ્ટરની પારદર્શક સ્ક્રીન હતી. જેથી પ્રેક્ષકોને એવું લાગતું હતું કે ઓબામા વાંચ્યા વિના ભાષણ કરે છે, પરંતુ તેઓ સંસદના સેન્ટ્રલ હોલ માં બે ટેલિપ્રોમ્પ્ટરથી વાંચી રહ્યા હતા. તેમની  બોલવાની છટા

અસરકારક હતી. ભારતમાં, વડાપ્રધાન ભાષણ વાંચી સંભળાવતા હોય છે. તેઓ ભાષણ યાદ રાખતા નથી. આવું પુસ્તક બહાર પાડવું એ વડા પ્રધાન કચેરીનો અધિકાર છે. આંકડાકીય રીતે કહીએ તો વડા પ્રધાને અનેક ભાષણો કર્યા, પણ હકીકતમાં જનતાએ તે સાંભળ્યા નથી.

## વાડેરાને વોલ સ્ટ્રીટ જર્નલમાં સ્થાન

શ્રી રોબર્ટ વાડેરાને વોલ સ્ટ્રીટ જર્નલમાં સ્થાન મળ્યું તેના માટે તેમને અભિનંદન. વાડેરાના વ્યાપાર વિશ્લેષક દ્વારા તૈયાર કરવામાં આવેલા બિઝનેસ મોડલના સંશોધન પત્રને તેમાં સ્થાન પ્રાપ્ત થયું છે.

કોઈ પણ રોકાણ વગર બિઝનેસ શરૂ કરો. મૂડીરોકાણ અને રાજકીય ઈક્વિટી સમાનાર્થી શબ્દો છે, જે લોન તરીકે વપરાશે. બજારમાં મિલકત ખરીદી માટે તે લોનનો ઉપયોગ કરો. ઘણા લોકો અપૂરતી વિચારણા સાથે મિલકત વેચવા તૈયાર થાય છે. કેટલાક લોકો મૂળ લોન ભરપાઈ કરે છે. બાકીના કોઈ જવાબદારી સાથે વર્તે છે કે કેમ તે આપણે જાણીએ છીએ. અત્યાર સુધી આ બિઝનેસ મોડલે માત્ર ઉત્સુકતામાં વધારો કર્યો છે. તેનાથી ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. તે વોલ સ્ટ્રીટ જર્નલે દર્શાવ્યું છે.

## અમૃતસરમાં બિશન સિંઘ બેદી

મારા મિત્ર બિશન સિંઘ બેદી અમૃતસરમાં હતા. આ વખતે તેમની મુલાકાત કંઈક અનોખી હતી . તેઓ ભારતના ઈતિહાસમાં સૌથી અપ્રમાણિક સરકારના રાજકીય પક્ષ માટે પ્રચાર ઝુંબેશ કરવા આવ્યા હતા. જેમની સામે ભ્રષ્ટાચાર અટકાયત ધારા હેઠળ આરોપ છે તેવા ઉમેદવારના પ્રચાર ઝુંબેશ માટે આવ્યા હતા. બિશન સિંહ હંમેશા ઝુંબેશ ચલાવનાર રહ્યા છે, પણ આ વખતે તેમની ઝુંબેશ અનૈતિક કારણ માટેની હતી.